**અગ્રતા ક્રમ:** **૨૬**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૦૪/ ૨૧૨૬

વિધાનસભા ગૃહમાં જવાબ

આપવાની તારીખ: **૨૮/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક: "આમોલ તાલુકામાં દૂધ સંજીવની યોજનાનો અમલ કરવા બાબત"**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર: શ્રી ડી.કે.સ્વામી (જંબુસર)**

## આમોદ તાલુકામાં દૂધ સંજીવની યોજનાનો અમલ કરવા બાબત

***15/4/2126 શ્રી ડી. કે. સ્વામી** (જંબુસર) : માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
| --- | --- | --- | --- |
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આમોદ તાલુકામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) | ના, જી. |
| (૨) | જો ના, તો ઉક્ત તાલુકામાં ઉક્ત યોજનાનો અમલ કરવાનું સરકારનું કોઈ આયોજન છે ? | (૨) | "કોઈ આયોજન નથી." |

----------------

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૨૧૨૬**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી ડી.કે.સ્વામી (જંબુસર)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી ડી.કે.સ્વામી (જંબુસર)**

---

**પ્રશ્નઃ- ૧ રાજ્યમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? અને કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે?**

**જવાબ:-** રાજ્યમાં દૂધ સંજીવની યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ કુલ રૂ.૪૦૬૯.૯૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે અને ૬૧૩૧૬૧ બાળકોને આ યોજના હેઠળ લાભ આપવામાં આવેલ છે.

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૨૧૨૬**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી ડી.કે.સ્વામી (જંબુસર)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી અરૂણસિંહ રણા (વાગરા)**

---

**પ્રશ્ન–૨ રાજયમાં દૂધ સંજીવની યોજના કયારથી અમલમાં આવી અને સૌપ્રથમ કયા જિલ્લામાં તેની શરૂઆત કરવામાં આવી તથા દૂધ સંજીવની યોજનાનો હેતુ શુ છે?**

**જવાબ:–** રાજયમાં દૂધ સંજીવની યોજના **વર્ષ ૨૦૦૭–૦૮** થી અમલમાં મૂકવામાં આવી

દૂધ સંજીવની યોજનાની શરૂઆત સૌપ્રથમ **બનાસકાંઠા** જિલ્લાના **દાંતા અને અમીરગઢ** તાલુકામાં કરવામાં આવી.

આદિજાતિ બાળકોમાં **વિટામીન, પ્રોટીન, કેલ્શીયમ અને ખનીજ તત્વોની ઉણપ જોવા મળતી હોય** છે.આવા બાળકોને નાની વયે પોષણ ક્ષમ આહાર ઉપરાંત દૂધ આપવામાં આવે તો આવા તત્વોની **ઉણપ દૂર કરી શકાય** અને બાળકોનો **શારીરીક તેમજ માનસિક વિકાસ થાય** અને તેમના **આરોગ્યમાં સુધારો** થાય તે માટે દૂધ સંજીવની યોજના **અમલમાં મૂકવામાં આવેલ** છે.

# <u>પૂરક માહિતિ</u>

**પ્રશ્ન–૧ દૂધ સંજીવની યોજના હેઠળ બાળકોને કેટલુ દૂધ આપવામાં આવે છે અને તેનો ભાવ કેટલો નિયત કરવામાં આવેલ છે?**

જવાબ:– પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને ૨૦૦ મી.લી. ફોર્ટીફાઇડ ફલેવર્ડ મિલ્ક આપવામાં આવે છે. જેનો ભાવ રૂ.૯.૦૦ નિયત કરવામાં આવેલ છે.

વધુમાં,દૂધ સંજીવની યોજના અંતર્ગત ૨૦૦ મીલી. ફોર્ટીફાઈડ ફલેવર્ડ દૂધમાં ફેટનું પ્રમાણ ૧.૫% (૩ ગ્રામ) ના સ્થાને ૪.૫% (૯ ગ્રામ) જેટલુ વધારવામાં આવે તો બાળકોના શારિરીક વિકાસ સાથે માનસિક વિકાસમાં વધારો થાય તેમ હોય, ૨૦૦ મીલી. ફોર્ટીફાઈડ ફલેવર્ડ દૂધમાં ફેટનું પ્રમાણ ૪.૫% કરવા માટે રૂા.૧૫૦૦૦.૦૦ લાખની આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ના બજેટમાં નવી બાબત સરકારશ્રીમાં રજુ કરેલ. જે નવી બાબતને સૈધ્ધાંતિક મંજૂરી મળેલ છે.

## દૂધ સંજીવની યોજનાની જિલ્લાવાર તાલુકાવાર શાળાઓ અને વિધાર્થીઓની વિગત દર્શાવતુ પત્રક. (વર્ષ ૨૦૨૩-૨૪)

| અ. નં. | જિલ્લાનુ નામ | પ્રા.વ.શ્રીની કચેરી | તાલુકાનુ નામ | શાળાની સંખ્યા | બાળકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | નર્મદા | રાજપીપળા | ડેડિયાપાડા | ૨૪૩ | ૧૨૪૫૧ |
| | | | સાગબારા | ૧૧૭ | ૮૫૬૦ |
| | | | નાંદોદ | ૧૪૪ | ૯૫૨૪ |
| | | | તિલકવાડા | ૧૦૯ | ૫૧૭૫ |
| | | | ગરૂડેશ્વર | ૧૩૪ | ૮૯૧૦ |
| | | | **કુલ** | **૭૫૬** | **૪૪૬૨૦** |
| ૨ | નવસારી | વાંસદા | વાંસદા | ૧૯૬ | ૨૪૪૮૭ |
| | | | *ચીખલી* | ૧૮૭ | ૧૮૫૮૪ |
| | | | *ખેરગામ* | ૫૬ | ૬૨૦૩ |
| | | | **કુલ** | **૪૩૯** | **૪૯૨૭૪** |
| ૩ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | *ખેડબ્રહ્મા* | ૧૬૧ | ૨૬૧૮૩ |
| | | | વિજયનગર | ૧૨૭ | ૧૪૦૬૨ |
| | | | પોશીના | ૧૧૩ | ૨૪૦૬૪ |
| | | | **કુલ** | **૪૦૧** | **૬૪૩૦૯** |
| ૪ | અરવલ્લી | મોડાસા | ભિલોડા | ૨૫૮ | ૧૫૭૩૪ |
| | | | મેઘરજ | ૨૬૪ | ૨૧૦૨૫ |
| | | | **કુલ** | **૫૨૨** | **૩૬૭૫૯** |
| ૫ | તાપી | સોનગઢ | ઉચ્છલ | ૯૩ | ૬૯૩૮ |
| | | | નિઝર | ૪૯ | ૬૨૫૧ |
| | | | સોનગઢ | ૨૭૫ | ૧૮૫૧૮ |
| | | | કુકરમુંડા | ૬૮ | ૬૪૬૯ |
| | | | વ્યારા | ૧૬૯ | ૧૧૧૦૫ |
| | | | વાલોડ | ૮૩ | ૪૨૫૭ |
| | | | ડોલવણ | ૧૨૪ | ૬૮૫૪ |
| | | | **કુલ** | **૮૬૧** | **૬૦૩૯૨** |
| ૬ | દાહોદ | દાહોદ | ફતેપુરા | ૨૪૯ | ૨૧૫૦૨ |
| | | | લીમખેડા | ૨૭૨ | ૨૪૧૧૫ |
| | | | ઝાલોદ | ૨૭૮ | ૩૪૩૭૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | દાહોદ | ૨૭૮ | ૩૬૩૨૬ |
| | | | ગરબાડા | ૧૩૯ | ૧૭૬૪૭ |
| | | | દે.બારિયા | ૨૨૪ | ૨૭૫૭૪ |
| | | | ધાનપુર | ૧૮૮ | ૧૪૪૬૬ |
| | | | સંજેલી | ૮૭ | ૭૫૯૪ |
| | | | **કુલ** | **૧૭૧૫** | **૧૭૩૫૯૭** |
| ૭ | પંચમહાલ | ગોધરા | ઘોઘંબા | ૨૪૬ | ૧૮૨૦૮ |
| ૮ | મહિસાગર | લુણાવાડા | સંતરામપુર | ૩૦૧ | ૨૨૦૦૦ |
| | | | કડાણા | ૧૯૬ | ૧૩૮૦૦ |
| | | | **કુલ** | **૪૯૭** | **૩૫૮૦૦** |
| ૯ | ડાંગ | આહવા | વઘઇ | ૧૪૦ | ૧૦૫૮૨ |
| | | | સુબીર | ૧૨૦ | ૧૩૨૪૫ |
| | | | આહવા | ૧૬૪ | ૧૭૪૪૮ |
| | | | **કુલ** | **૪૨૪** | **૪૧૨૭૫** |
| ૧૦ | સુરત | માંડવી | ઉમરપાડા | ૧૦૬ | ૮૦૬૪ |
| | | | માંગરોળ | ૧૨૪ | ૧૫૭૪૪ |
| | | | માંડવી | ૨૦૬ | ૧૨૯૬૦ |
| | | | મહુવા | ૧૪૦ | ૮૫૮૦ |
| | | | બારડોલી | ૧૦૯ | ૧૧૪૦૦ |
| | | | **કુલ** | **૬૮૫** | **૫૬૭૪૮** |
| ૧૧ | છોટાઉદેપુર | છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૨૪૧ | ૧૨૩૦૦ |
| | | | કવાંટ | ૨૨૦ | ૧૫૦૦૦ |
| | | | નસવાડી | ૨૪૭ | ૧૨૨૩૭ |
| | | | પાવી–જેતપુર | ૧૮૧ | ૧૦૫૩૪ |
| | | | **કુલ** | **૮૮૯** | **૫૦૦૭૧** |
| | | | દાંતા | ૨૩૪ | ૩૪૧૨૭ |
| | | | અમીરગઢ | ૧૨૩ | ૧૫૮૪૭ |
| | | | **કુલ** | **૩૫૭** | **૫૩૫૩૭** |
| ૧૩ | વલસાડ | વલસાડ | ધરમપુર | ૨૧૮ | ૨૦૧૫૧ |
| | | | કપરાડા | ૨૮૦ | ૨૫૬૦૭ |
| | | | ઉમરગામ | ૧૫૯ | ૧૭૧૩૬ |
| | | | પારડી | ૧૨૪ | ૭૬૦૯ |
| | | | **કુલ** | **૭૮૧** | **૭૦૫૦૩** |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪ | ભરૂચ | ભરૂચ | વાલિયા | ૯૬ | ૫૭૪૯ |
| | | | નેત્રંગ | ૧૧૮ | ૫૦૬૧ |
| | | | ઝગડિયા | ૧૭૧ | ૯૯૭૨ |
| | | | **કુલ** | **૩૮૫** | **૨૦૭૮૨** |
| | **કુલ** | | | **૮૯૫૮** | **૭૬૮૪૬૫** |

## પૂરક નોંધ:-



1. રાજયમાં દૂધ સંજીવની યોજના વર્ષ ૨૦૦૭-૦૮ થી અમલમાં મૂકવામાં આવેલ છે.
2. દૂધ સંજીવની યોજનાની શરૂઆત સૌપ્રથમ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં કરવામાં આવી.
3. આદિજાતી બાળકોમાં વિટામીન, પ્રોટીન, કેલ્શીયમ અને ખનીજ તત્વોની ઉણપ જોવા મળતી હોય છે.આવાં બાળકોને નાની વયે પોષણ ક્ષમ આહાર ઉપરાંત દૂધ આપવામાં આવે તો આવા તત્વોની ઉણપ દૂર કરી શકાય અને બાળકોનો શારીરીક તેમજ માનસિક વિકાસ થાય અને તેમના આરોગ્યમાં સુધારો થાય તે માટે દૂધ સંજીવની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.
4. ધો. ૧ થી ૮ ની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.
5. પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને ૨૦૦ મી.લી.ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે.
6. દૂધના ૨૦૦ એમ.એલ.ના પાઉચ બાળકોની પસંદગી મુજબના ફ્લ્વેરમાં આપવામાં આવે છે. જેમાં ઈલાયચી, મેન્ગો, રોઝ, ટોફી વગેરે આપવામાં આવે છે.
7. અઠવાડિયામાં પાંચ દિવસ દૂધ આપવામાં આવે છે.
8. હાલમાં રાજયના ૧૪ જિલ્લાઓના ૫૩ તાલુકાઓમાં આ યોજના અમલમાં છે.
9. આ યોજનાની અમલવારી માટે દૂધનો સપ્લાય કરવા માટે જે તે જિલ્લાની ડેરી દ્વારા ટેન્ડર પ્રક્રિયા દ્વારા વાહનો ભાડે રાખવામાં આવે છે.
10. દૂધની ખરીદી જેતે જિલ્લાના જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. પાસેથી ખરીદી કરવામાં આવે છે. જેતે શાળા તરફથી આગલાં દિવસે દૂધની ડીમાડ ડેરીને આપવામાં આવે છે. તે મુજબ બીજા દિવસે ડેરી તરફથી દૂધનો જથ્થો શાળા સુધી પૂરો પાડવામાં આવે છે.
11. દૂધ પૂરુ પાડવા માટે જિલ્લા ડેરી તરફથી વાહતુક માટેના ટેન્ડર પ્રક્રિયા દ્વારા નકકી થયેલા વાહનો દ્વારા ડેરીમાંથી જે તે શાળા સુધી દૂધ પહોચતું કરવાની વ્યવસ્થા

કરવામાં આવે છે. (વાહન ખર્ચ આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા અલગથી ચુકવવામાં આવે છે.)

12. દૂધના પાઉચ ઇન્સ્યુલેટેડ બોક્ષમાં રાખવામાં આવે તો ૮.૦૦ કલાક સુધી બગડતુ નથી.

13. આ દૂધ ઇન્સુલેટેડ બોક્સમાં શાળા સુધી પહોંચાડવામાં આવે છે. જે ૨૪ થી ૩૬ કલાક સુધી ઉપયોગમાં લઇ શકાય છે

14. દૂધ સંજીવની યોજનાનો અમલ થવાથી શાળાના બાળકોના આરોગ્ય ઉપર થયેલ અસરો અને ફાયદાઓ

- શાળાઓમાં બાળકોનો ડ્રોપ આઉટ રેશિયામાં ઘટાડો જોવા મળેલ છે.
- બાળકોની હાજરીમાં નિયમિતતા જોવા મળેલ છે.
- બાળકોની શારીરિક અને માનસિક રીતે સક્ષમ થતા જાય છે તેમજ તેમની યાદશક્તિ અને બુદ્ધિઆંકમાં વધારો થયેલ જણાયેલ છે.
- બાળકોની એકાગ્રતામાં વધારો થવાના કારણે શિક્ષણકાર્યમાં વધુ ધ્યાન આપી શકે છે.
- બાળકોની રોગ પ્રગતિકારક શક્તિમાં વધારો થયેલ છે.

કમિશ્નર
આદિજાતિ વિકાસ
ગુજરાત રાજય,ગાંધીનગર.

બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાની પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહન ભોજન સાથે ''દૂધ સંજીવની યોજના'' હેઠળ પોષણક્ષમ દૂધ આપવા અંગે.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૦૬-૧૭૪૬-ધ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૫/૨/૦૭

વંચાણે લીધા :-

(૧) શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક : મભય-૧૩૮૪-ક, તા.૯-૧૧-૮૪

(૨) કમિશનર, આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તા. ૭-૬-૦૬ ના પત્ર ક્રમાંક : અવક-અજન-૧-ગુ.પે.-આયોજન-૨૦૦૬.

પ્રસ્તાવના :-

રાજયની પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને ''મધ્યાહન ભોજન યોજના '' હેઠળ શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના ઠરાવ અન્વયે પોષણક્ષમ આહાર આપવામાં આવે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાના બાળકોની પ્રતિવર્ષ આરોગ્યની ચકાસણી કરવામાં આવે છે. આરોગ્યની ચકાસણી દરમિયાન પછાત તાલુકાની પ્રાથમિક શાળાઓના ગરીબ, પછાત અને આદિજાતિના બાળકોમાં વિટામીન, પ્રોટીન, કેલ્શિયમ અને ક્ષાર તત્વોની ઉણપ જણાય છે. આવા બાળકોને નાની વયે પોષણક્ષમ આહાર ઉપરાંત દૂધ આપવામાં આવે તો આવા તત્વોની ખામી દૂર કરી શકાય અને બાળકોના શારીરીક વિકાસ સાથે માનસિક વિકાસ થાય અને તેઓના આરોગ્યમાં સુધારો થાય તે માટે મીડ ડે મિલ્ક યોજના ''દૂધ સંજીવની યોજના'' ના નામથી અમલમાં મૂકવા વંચાણે લીધેલ ક્રમાંક-૨, પરના પત્રથી કમિશનર, આદિવાસી વિકાસે દરખાસ્ત કરેલ છે.

ઠરાવ :-

રાજયના આદિજાતિ વિસ્તારોના ગરીબ, પછાત અને આદિજાતિના વાલીઓ તેમની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે પોતાના બાળકોને પોષણક્ષમ આહાર આપી શકતા નથી. સંતુલિત આહારના અભાવે બાળકોનો સંપૂર્ણ શારીરિક અને માનસિક વિકાસ થતો નથી. પ્રાથમિક શાળાના બાળકોનો સંપૂર્ણ શારીરિક અને

માનસિક વિકાસ થાય તે માટે પોષણક્ષમ આહાર સાથે દૂધ આપવાની ઉક્ત દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે પ્રાથમિક શાળાના બાળકોને મધ્યાહન ભોજન યોજના હેઠળ પોષણક્ષમ આહારની સાથે મીડ ડે મિલ્ક યોજના હેઠળ પ્રતિદિન ૨૦૦ મી.ગ્રા. દૂધ બાળકદિઠ પ્રાયોગિક ધોરણે પ્રાથમિક તબકકે બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં આપવાની બાબતને આથી મજૂરી આપવામાં આવે છે. આ યોજના બનાસડેરીના સહયોગથી નીચે દર્શાવેલી શરતો અને બોલીઓને આધિન શરૂ કરવામાં આવે છે.

બોલીઓ અને શરતો. :-

(૧) આ યોજનાનું નામ ''દૂધ સંજીવની યોજના'' રહેશે.

(૨) આ યોજના પ્રારંભમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં ચાલુ કરવામાં આવશે. જેમાં બન્ને તાલુકાની ૨૯૯ જેટલી પ્રાથમિક શાળાઓ, ૨૬ જેટલી આશ્રમશાળાઓ મળી કુલ ૩૨૫ સંસ્થાઓના ૫૬,૬૨૦ બાળકોને આવરી લેવામાં આવશે.

(૩) દૂધ વિતરણ અંગેની રૂટની વ્યવસ્થા બાબતે પ્રાયોજના વહીવટદાર, પાલનપુર અને તકેદારી અધિકારી (આ.વિ.) પાલનપુરે સ્થાનિક મધ્યાહન ભોજન યોજનાના અધિકારીઓ સાથે વિચારણા કરીને રૂટ નકકી કરવાનો રહેશે.

(૪) દૂધ વિતરણ વ્યવસ્થા માટે પેકીંગના પાઉચ ઉપર ''વેચાણ માટે નથી'' તેવું સ્પષ્ટ લખવું અને દૂધના પાઉચની વેચાણ કિંમત લખવાની રહેશે નહિં, તેમજ ડેરીનો ફોન નંબર અને ૨૦૦ એમ.એલ. ફોર્ટીફાઇડ ફલેવર્ડ દૂધમાં ફેટ, કાર્બોહાઇડ્રેટ પ્રોટીન, ખનીજ, કેલ્શીયમ, વીટામીન-એ અને વીટામીન-બી. ની માત્રા કેટલી રહેશે તેનું કોમ્પોઝીશન સ્પષ્ટ વંચાય તે રીતે દર્શાવવાનું રહેશે અને સ્વચ્છતા અંગેનો પણ નિર્દેશ કરવાનો રહેશે.

દૂધની ફલેવર ઇલાયચીની રહેશે, તેમાં નીચે મુજબના ખનીજો અને વીટામીનનો સમાવેશ કરવામાં આવશે.

200 ml fortyfied flavoured Double Tonned Pastauriaed Milk.

Fat : 3 gm.

Total Carbohydrate 24 gm.

Protein 7 gm.

Vitamin A 500 IU eqvivalent to 150 mcg.

Vitamin D 40 IU eqvivalent to 1mcg.

(૫) દૂધનું વિતરણ કરવા માટે બનાસ ડેરીએ (૧) અમીરગઢમાં ઇકબાલગઢ અ (૨) દાંતા એમ બે ડેપોની વ્યવસ્થા કરવાની રહેશે. ડેપોએથી દૂધ ડેરીના ઇન્સ્યુલેટેડ વાન મારફતે દરેક શાળાએ પહોંચાડવાનું રહેશે. દૂધના પાઉચ માટે ઇન્સ્યુલેટેડ [illegible] ઉપયોગ કરવાનો રહેશે. દરેક કેરેટમાં ૬૦ જેટલા પાઉચનો સમાવેશ કરવાનો

(૬) ડીલીવરી અંગેની કાઉન્ટર ફોઈલ ડેપો પર રાખવામાં આવશે. ડેપો પર એક પાવતીબુક રહેશે, કાઉન્ટર સહી સાથે એક પાવતી ડેરીના સપ્લાયરને પરત આપવામા આવશે.

(૭) શાળાઓએ જાહેર રજા, રવિવારની રજા તથા દૂધ બંધ રાખવાનું હોય તે દિવસના પ્રસંગોએ દૂધ બંધ રાખવા માટે એક દિવસ અગાઉ જાણ કરવાની રહેશે. શાળા તરફથી ઈન્ડેન્ટ રજૂ થાય તે મુજબ દૂધ સપ્લાય કરવાનું રહેશે.

(૮) દૂધ વિતરણ માટે બનાસ ડેરી ટેન્ડર પધ્ધતિથી ટ્રાન્સપોર્ટેશનના ભાવ મગાવશે અને ટેન્ડર પધ્ધતિથી કોન્ટ્રાકટ આપવાનો રહેશે. બનાસ ડેરી જે કોન્ટ્રાકટર નકકી કરે તે કોન્ટ્રાકટર સાથે પ્રાયોજના વહીવટદાર, પાલનપુરે કરાર કરવાનો રહેશે. ટ્રાન્સપોર્ટેશનના નકકી થયેલ નિયત ભાવ મુજબ બનાસ ડેરી મારફતે ચૂકવણું કરવાનું રહેશે.

ટ્રાન્સપોર્ટરે એક ડાયરી રાખવાની રહેશે, જેમાં નીચેની વિગતો દરરોજ નોંધવાની રહેશે.

૧. બનાસ ડેરીના ડેપો પરથી કેટલા ઇન્સ્યુલેટેડ બોકસ આપ્યા ?

૨. કેટલા નંગ પાઉચ આપ્યા ?

૩. કેટલા વાગ્યે નિશાળને દૂધ પહોંચાડયુ ? તેના સમય, તારીખ સાથે સહી મેળવવાની રહેશે.

૪. બીજા દિવસે કેટલા દૂધની (પાઉચ) ની જરૂરીયાત છે ? તે માટેનું ઇન્ડેન્ટ મેળવવાનું રહેશે ?

૫. માસ પૂરો થતાં આ ડાયરી કોન્ટ્રાકટરે બનાસ ડેરીના ડેપોમાં જમા કરાવવાની રહેશે.

૬. ડેપોવાઇઝ કોન્ટ્રાકટરની ડાયરી મુજબ કેટલું દૂધ મળ્યું અને બીજા દિવસ માટે કેટલી જરૂરીયાત રહેશે ? તેની વિગત ડેપોએ જમા-ઉધાર મુજબ હિસાબ રાખવાનો રહેશે અને તે મુજબ ડેપો ઇન્ચાર્જએ ડાયરીમાં પ્રતિસહી કરવાની રહેશે.

(૯) દાંતા અને અમીરગઢ તાલુકાની શાળાઓમાં સવારે ૧૧.૦૦ વાગ્યે બાળકોને દૂધ પહોંચી જાય તે રીતે સમય અને સ્થળની પરિસ્થિતિના આધારે રૂટ નકકી કરવાનો રહેશે.

(૧૦) તકેદારી અધિકારી (આ.વિ.) પાલનપુરે અમીરગઢ અને દાંતા તાલુકાની ગામની શાળાઓનુ લીસ્ટ, વિદ્યાર્થીઓની સંખ્યાની વિગત બનાસ ડેરી મારફતે ટ્રાન્સપોર્ટરને આપવાનું રહેશે.

(૧૧) ચાલુ શૈક્ષણિક સત્રમાં યોજનાનું અમલીકરણ થાય તે તારીખથી ૩૦ એપ્રિલ સુધીના દિવસો આવરી લેવાના રહેશે. તે મુજબ શાળા અને બાળકોની સંખ્યા મુજબ ખર્ચની વિગતો પ્રાયોજના વહીવટદાર અને તકેદારી અધિકારી (આ.વિ.) પાલનપુરે નકકી કરવાની રહેશે.

(૧૨) કયા કયા રજીસ્ટર રાખવા અને તે કઇ રીતે નિભાવવા તે અંગે પ્રાયોજના વહીવટદાર અને તકેદારી અધિકારી (આ.વિ.) પાલનપુરે નાયબ કલેકટર, મધ્યાહન ભોજન યોજના સાથે પરામર્શ કરીને નકકી કરવાનું રહેશે.

(૧૩) દરેક શાળામાં શાળા સંચાલકનો તાત્કાલિક સંપર્ક થઇ શકે તે માટે ટેલીફોન નંબરોની યાદી બનાવવાની રહેશે તેમજ શકય હોય તો વ્યકિતગત મોબાઇલ નંબર પણ મેળવી તેની યાદી બનાવી બનાસ ડેરી તથા ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાકટરને આપવાની રહેશે. આવી રીતે દરેક શાળાને બનાસ ડેરીના ડેપો નંબર તથા કોન્ટ્રાકટરના વાહન ચાલકનું નામ અને તેનો મોબાઇલ ફોન નબર મેળવીને આપવાનો રહેશે.

(૧૪) હાલમાં આ યોજના પ્રાયોગિક ધોરણે શરૂ થનાર હોઇ બાળકોના ન્યુટ્રિશન અને સ્વાસ્થયમાં કોઇ ફેરફાર થાય તે જોઇ શકાશે નહીં. ઓછામાં ઓછા આ માટે પાંચ થી છ માસ જોઇએ. તેમ છતાં શરૂઆતમાં બન્ને તાલુકાઓના નજીકમાં આવેલ કોમ્યુનિટિ હેલ્થ સેન્ટર (સી.એચ.સી.) માં બાળકોના રેન્ડમ ટેસ્ટ લઇ આરોગ્યની ચકાસણી કરાવવાની રહેશે. આ યોજનાના અમલીકરણના સાતથી આઠ માસ પછી વિભાગ દ્વારા નિયત થયેલ થર્ડ પાર્ટી મારફત મૂલ્યાંકન કરાવવાનું રહેશે. થર્ડ પાર્ટી મૂલ્યાંકનનો અહેવાલ વિભાગને રજૂ કરવાનો રહેશે.

(૧૫) થર્ડ પાર્ટી મૂલ્યાંકનનો અહેવાલ વિભાગને મળ્યા બાદ અને થર્ડ પાર્ટી મોનીટરીંગના અહેવાલ બાદ, આ યોજનાની સમીક્ષા કરી આ યોજના આવતા વર્ષોમાં ચાલુ રાખવી કે કેમ ? તેનો નિર્ણય કરવાનો રહેશે.

(૧૬) આ યોજનાને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શિક્ષણ વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની મંજૂરી મળેલ છે.

(૧૭) આ યોજનાનો અમલ પ્રાયોજના વહીવટદારશ્રી પાલનપુર, તકેદારી અધિકારીશ્રી (આ.વિ.) એ બનાસ ડેરીના સહયોગમાં મધ્યાહન ભોજન યોજનાના પ્રવર્તમાન માળખામાં રહીને તેનો અમલ કરતાં અધિકારી/કર્મચારીઓ મારફતે કરવાનો રહેશે.

(૧૮) આ યોજનાનો ખર્ચ માંગણી ક્રમાંક : ૯૬, વર્ષ : ૨૦૦૬-૦૭ માટેની ગુજરાત પેટર્નની રાજયકક્ષાની ૫ ટકા રકમમાંથી સંબંધિત સદરો હેઠળ થયેલી જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

(૧૯) આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ : ૩-૨-૨૦૦૭ ના રોજ મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. એસ. રામી)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦/એ,ગાંધીનગર

- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સર્વ પ્રાયોજના વહીવટદારશ્રી
- સર્વ તકેદારી અધિકારીશ્રી (આ.વિ.)
- સર્વ આશ્રમશાળા અધિકારીશ્રી
- કમિશનર, મધ્યાહન ભોજન સ્કૂલ, જૂના સચિવાલય,ગાંધીનગર
- કલેક્ટર, બનાસકાંઠા, મું. પાલનપુર (મધ્યાહન ભોજન એકમ)
- સંચાલકશ્રી, બનાસ ડેરી, મું. પાલનપુર, જિ. બનાસકાંઠા.
- વિભાગના સર્વ અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વ શાખાઓ
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- સિલેકટર ફાઇલ.